ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ચૂંટણી ટાણે ચા-ચવાણુ અને ભજીયાનું ચલણ વધ્યુ

**વિધાનસભાની ચૂંટણીનો જંગ જામતા છેક અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રાજકીય ગતિવિધીઓ તેજ બની : મોડી રાત સુધી ચા-નાસ્તાની જયાફત : મતદારો અને કાર્યકરોને ખુશ કરવા તમામ પાર્ટીઓ એડીચોટીનું જોર લગાવી રહ્યા છે**

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીનો કેફ સૌને ચઢી રહ્યો છે. તમામ પક્ષના ઉમેદવારોથી માંડીને કાર્યકરો અને ગ્રામ્યજનો ચૂંટણી જંગમાં જોડાઈ ચૂક્યા છે. છેક અંતરીયાળ ગામો સુધી રાજકીય ગતિવિધિઓ તેજ બનતા ગ્રામ્ય વિસ્તારો પણ મોડી રાત સુધી ધમધમતા રહે છે. ચા-નાસ્તાની બોલબાલ વધી છે. રાજકીય પક્ષોના કાર્યાલયો ખાતે તો જાણે રોજે રોજ પ્રસંગની ઉજવણી થઈ રહી હોય તેવુ લાગી રહ્યુ છે.

ટીકીટ ફાળવણી મુદ્દે જાગેલો રોષ હવે ધીમે ધીમે શમી રહ્ય હોય તેવુ લાગી રહ્યુ છે. સિનિયર નેતાઓ ચુપચાપ પોતપોતાના કામે લાગી ગયા છે અથવા મુક પ્રેક્ષક બની ચૂંટણી જંગને નીહાળી રહ્યા છે. હજુ ક્યાંક ક્યાંક અસંતોષની જ્વાળા વધુ દઝાડી રહી છે પરંતુ એકાદ બે દિવસમાં આ જ્વાળાને પણ યેનકેન પ્રકારે શાંત પાડી દેવાશે તેવુ લાગી રહ્યુ છે. મોટાભાગની બેઠકો પર ઉમેદવારો જાહેર થઈ ગયા હોવાથી તમામ પક્ષના કાર્યકરોને ઘેર તો જાણે કોઈ પ્રસંગ કે ઉત્સવ હોય તેવુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે. ખાટલા બેઠકોનો દોર શરૂ થઈ ચૂક્યો છે. ઉમેદવારો પોતાના કાર્યકરો અને સમર્થકોને સાથે લઈને વિવિધ સમાજોના અગ્રણીઓની રૂબરૂ મુલાકાત લઈ રહ્યા છે અને મહત્તમ વોટ મેળવવા પ્રયાસો કરી રહ્યા છે.

કાર્યકરો અને મતદારોને આકર્ષિત કરવા ઉમેદવારો લખલૂંટ ખર્ચ કરી રહ્યા છે. પક્ષના કાર્યાલયોએ દરરોજ વિવિધ નાસ્તાની જયાફત ઉડી રહી છે. ચા નો દોર તો લગભગ આખો દિવસ અને આખી રાત ચાલુ જ રહે છે જ્યારે ચૂંટણીમાં સૌથી વધુ ફેવરીટ રહેલા ચવાણાના આખેઆખા કાર્ટુન કાર્યાલય પર ઉતરી રહ્યા છે. ચવાણુ બનાવવાવાળા અને વેચવાવાળાઓને ચૂંટણીનો પ્રસંગે રીતસર તડાકો પડી ગયો છે. ભજીયાની બોલબાલ પણ આ વખતે ખૂબ રહી છે. સદ્ધર હોય તેવા ઉમેદવારો તો દરરોજ પોતાના કાર્યાલયે ભજીયા-ગોટાની પાર્ટી યોજી રહ્યા છે. અન્ય ગરમ નાસ્તાઓની બોલબાલ પણ વધી છે. ચૂંટણી કોણ હારશે, કોણ જીતશે તે તો ૮મી ડિસેમ્બરે જ ખબર પડશે પરંતુ હાલ તો ચા-નાસ્તાની જયાફતથી સૌ કોઈ ખુશ રહ્યા છે.

# આજે ભાજપ-કોંગ્રેસ અને આપના ઉમેદવારો ઉમેદવારી પત્ર ભરશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં આજે ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ૩ ઉમેદવારો ઉમેદવારી નોંધાવશે.

ગાંધીનગર જિલ્લાની દહેગામ બેઠક માટે ભાજપના વર્તમાન ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણની પસંદગી થઈ છે અને તેઓ આજે દહેગામ મામલતદાર કચેરી ખાતે ઉમેદવારી નોંધાવશે તેમ પક્ષના સૂત્રોએ જણાવ્યુ છે. આ માટે કાર્યકરો, શુભેચ્છકો અને સમર્થકોને આમંત્રણ પણ આપી દેવામાં આવ્યા છે.

આજ બેઠક પર આમ આદમી પાર્ટીના નવા પસંદ થયેલા ઉમેદવાર સુહાગ પંચાલ પણ વિજયમુહૂર્તમાં તેમની ઉમેદવારી નોંધાવવા જનાર છે. દહેગામ બેઠક પર પહેલાં વિદ્યાર્થી નેતા યુવરાજસિંહની પસંદગી કરવામાં આવી હતી પરંતુ સ્થાનિકોમાં ઉઠેલા વિરોધને લઈ પક્ષે ઝાંકના સરપંચ સુહાગ પંચાલ પર પસંદગી ઉતારી અને તેની જાહેરાત કરી હતી.

કલોલ બેઠક પર કોંગ્રેસના વર્તમાન ધારાસભ્ય બળદેવજી ઠાકોર આજે તેમની ઉમેદવારી નોંધાવશે. બળદેવજી ઠાકોરે આજે કલોલમાં કાર્યકરોની સભા પણ યોજી હતી અને તેમાં તેમણે કહ્યુ હતુ કે ચાણક્યને દિલ્હીથી આવતાં ૪ કલાક લાગશે મારે ૪ મિનિટ લાગશે. તેમણે વિધાનસભાની આ છેલ્લી ચૂંટણી હોવાનો પણ સંકેત કાર્યકરોને આપ્યો હતો.

ગાંધીનગર જિલ્લામાં કોંગ્રેસ પક્ષે ૪ અને ભાજપે પણ ૪ બેઠકો પર ઉમેદવાર જાહેર કર્યા નથી. આમ આદમી પાર્ટીએ ૩ બેઠકના ઉમેદવાર જાહેર કર્યા છે.

ગાંધીનગર (ઉ) બેઠક પર એક અપક્ષ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી છે. જો કે પક્ષોની નેતાગીરીએ ઉમેદવારોની પસંદગી અંગે મૌન જાળવી રાખતાં કાર્યકરોમાં અસમંજસની સ્થિતિ છે. છેલ્લે રાત નાની અને વેશ જાજા જેવી સ્થિતિ ઉભી થવાનો ભય કાર્યકરો વ્યક્ત કરી રહ્યા છે.

## @-ઈલેક્શન

- મોડીસાંજે કોંગ્રેસે પ્રથમ તબક્કાના વધુ ૬ ઉમેદવારો જાહેર કર્યા હતા. બોટાદમાં મનહર પટેલની પસંદગી કરાઈ.
- વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે ટીકીટ ન મળતા ભાજપને રામ-રામ કર્યા.
- ભારતીય જનતા પાર્ટીએ વઢવાણના જાહેર કરાયેલા ઉમેદવાર જીજ્ઞા પંડ્યાના બદલે જગદીશ મકવાણાની જાહેરાત કરી.
- આમ આદમી પાર્ટીના મુખ્યમંત્રીના ઉમેદવાર ઈશુદાન ગઢવી જામ ખંભાળીયાથી ચૂંટણી લડશે.
- દિયોદરમાં કીચડમાં ફસાયેલ ભાજપના પ્રચાર રથને કોંગ્રેસના પ્રચારરથે દોરડુ બાંધી બહાર ખેંચ્યો.
- બીટીપીના સ્થાપક છોટુભાઈ વસાવાને દિકરા પાસેથી ટીકીટ મેળવવા ફાંફા : પાર્ટી દિકરાએ હાઈજેક કરી.
- કોડીનારના કોંગ્રેસી ધારાસભ્ય મોહન વાળા અને પૂર્વ ધારાસભ્ય ધીરસિંહ બારડે કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો.
- કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ રવિવારે મોડી સાંજે કમલમ્ પહોંચ્યા : હોદ્દેદારો સાથે બંધ બારણે ચર્ચા.
- ગુજરાત સરકારના પૂર્વ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીને તાત્કાલિક કમલમ્ બોલાવાયા અને વડોદરા જિલ્લાની ત્રણ બેઠકોના બળવા અંગે ડેમેજ કંટ્રોલની જવાબદારી સોંપાઈ હોવાની ચર્ચા.
- બોટાદ બેઠક પર કોંગ્રેસના સંભવિત ઉદવાર મનહર પટેલને મનાવી લેવા ભરપૂર પ્રયાસો.
- ગાંધીનગર જિલ્લાની ચાર બેઠકોનું કોકડુ મોડી સાંજ સુધીમાં ઉકલી જવાની શક્યતાના પગલે કોંગ્રેસ પણ સક્રિય બની.
- કમલમ્ પર પહેલી વખત આટલા પ્રમાણમાં ધાડેધાડા ઉમટ્યા અને સત્તાવાર ઉમેદવાર સામે વિરોધ વંટોળ વ્યાપક હોવાના સંકેતો આપ્યા.
- ભગવંત માનનો રોડ શો રવિવારે રાજુલા, કોડીનાર અને ઉના ખાતે યોજાયો હતો.

# મધુ શ્રીવાસ્તવે ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું

**ટિકિટ ન મળવાથી મધુ શ્રીવાસ્તવના ભાજપને રામરામ : વડોદરાના દબંગ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે કહ્યું કે તેઓ અપક્ષ ચૂંટણી લડશે અને શિવસેના તેમને સપોર્ટ કરનાર છે**

વડોદરા, તા. ૧૩

પોતાના વિવાદાસ્પદ નિવેદનો માટે જાણીતા વડોદરાના દબંગ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે વિધાનસભા ચૂંટણીની ટિકિટ ન મળવાથી ભાજપને રામરામ કહ્યા છે. મધુ શ્રીવાસ્તવે ભાજપ છોડી દીધો છે અને ધારાસભ્ય પદેથી પણ રાજીનામું આપી દીધું છે. આ પ્રસંગે તેમણે કહ્યું કે તેઓ અપક્ષ ચૂંટણી લડવાના છે અને શિવસેના તેમને સપોર્ટ કરવાની છે. મધુ શ્રીવાસ્તવના કારણે ભાજપ માટે અનેક વખત મુશ્કેલની સ્થિતિ પેદા થઈ છે. આ વખતે પણ તેમણે વાઘોડિયા બેઠક માટે ટિકિટ માગી હતી, પરંતુ ભાજપે અન્ય ઉમેદવાદને પસંદ કરતા મધુ શ્રીવાસ્તવે ભાજપ છોડી દીધો છે. આ વાતના અણસાર તેમણે થોડા દિવસો અગાઉ જ આપી દીધા હતા.

બાહુબલી ધારાસભ્ય તરીકે ઓળખાતા મધુ શ્રીવાસ્તવ પોતાના મતક્ષેત્રમાં ભારે પ્રભાવ ધરાવે છે



તેવું રાજકીય પંડિતો પણ માને છે. કારણ કે અગાઉ પણ તેઓ અપક્ષ તરીકે ચૂંટાયા હતા અને પછી ભાજપમાં જોડાયા હતા. તેથી ભાજપ તેમને હળવાશથી લઈ શકે તેમ નથી.

વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે કહ્યું હતું કે આટલા વર્ષોની જાહેર જીવન દરમિયાન તેમણે ક્યારેય એક રૂપિયાનો પણ ભ્રષ્ટાચાર કર્યો નથી. પરંતુ પાર્ટીએ મને ટિકિટ આપી નથી.

મારા ટેકેદારોની માંગણી હતી કે મારે ચૂંટણી લડવી જોઈએ. તેથી તેમની માંગણીને માન આપીને હું ચૂંટણી લડીશ. બે દિવસ અગાઉ મધુ શ્રીવાસ્તવની ઓફિસે ટેકેદારોની એક બેઠક મળી હતી જેમાં એવું નક્કી કરાયું હતું કે તેઓ અપક્ષ ઉમેદવારી નોંધાવશે. તેમણે એવો વસવસો પણ કર્યો હતો કે તેમણે આટલા વર્ષો સુધી પાર્ટી માટે કામ કર્યું છતાં ભાજપે તેમની કદર ન કરી.

એક સામાન્ય ટ્રક ડ્રાઈવરથી શરૂઆત કરનાર મધુ શ્રીવાસ્તવ

● અનુસંધાન પાન-૭ પર

# તાલીમમાં ગેરહાજર રહેનાર ૧૦૦ કર્મચારીઓને તંત્ર નોટીસ ફટકારશે

**જિલ્લામાં ચૂંટણી વિષયક તાલિમ આપવાની કામગીરી ચાલી રહી છે : જિલ્લાના ચાર વિધાનસભા મતક્ષેત્રોમાં પણ આ રીતે તાલિમમાં ગેરહાજર રહેનાર કર્મયોગીઓ સામે આકરા પગલાં લેવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર (ઉ) વિધાનસભા મતક્ષેત્ર માટે આજે ચૂંટણી વિષયક ફરજ સોંપવામાં આવેલ કર્મચારીઓને તાલિમ આપવાનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં ૧૦૦ જેટલા કર્મચારીઓ ગેરહાજર રહેતાં તેમને નોટીસ આપવાનો નિર્ણય તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે.

જિલ્લામાં ચૂંટણી વિષયક કામગીરી જે કર્મચારીઓને સોંપવામાં આવી છે તેમને તાલિમ આપવાની કામગીરી ચાલી રહી છે. તંત્ર દ્વારા આજે બે તબક્કામાં તાલિમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

પ્રિસાઈડિંગ ઓફિસર તેમજ પોલીંગ ઓફિસરોને તાલિમ આપવામાં આવી રહી છે. મોટાભાગના નિયમિત કર્મચારીઓ વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા હોવાથી આ વખતે નવી ભરતીના કર્મચારીઓને આ ફરજ માટે પસંદ કરવામાં આવ્યા છે. તેમના માટે આ તાલિમ મહત્વની હોઈ તંત્રએ ગેરહાજરીને ગંભીરતાથી લીધી છે.

જિલ્લાના ચાર વિધાનસભા મતક્ષેત્રોમાં પણ આ રીતે તાલિમમાં ગેરહાજર રહેનાર કર્મયોગીઓ સામે આકરા પગલાં લેવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

બીજી તરફ જે કર્મચારીઓને ચૂંટણીની કામગીરી સોંપવામાં આવી છે તેઓ મુક્તિ માટે અરજીઓ કરી રહ્યા છે તેમજ આ માટે જુદા જુદા દબાણો પણ લાવી

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-ગ્રામ્યમાં કોરોનાનો એક એક કેસ નોંધાયો

**કુડાસણમાં ૩૯ વર્ષીય પુરૂષ અને ચિલોડામાં મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર અને ગ્રામ્યમાં કોરોનાનો એક-એક કેસ આજે નોંધાયો છે. શહેરમાં બે દિવસના વિરામ બાદ કોરોનાનો આજે એક કેસ નોંધાયો છે.

શહેર-જિલ્લામાં કોરોનાના છુટાછવાયા કેસો શરૂ થતાં તંત્ર ચિંતાતુર બન્યુ છે. કોરોના ગાઈડલાઈનના પાલનમાં બેદરકારી દાખવી રહેલા લોકોએ તંત્રની ચિંતા વધારી છે. જો કે શહેર-જિલ્લામાં સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્ર કરી રહ્યુ છે. શહેર-જિલ્લામાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૦.૫૦ ટકા પર સ્થિર થયેલો છે.

ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચિલોડા ખાતે ૩૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં મહિલા દર્દીઓના કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

ગાંધીનગર શહેરમાં આજે સમાવિષ્ટ કુડાસણ ગામે આજે ૩૯ વર્ષીય પુરૂષનો કેસ મળી આવ્યો છે. શહેરમાં બે દિવસના વિરામ બાદ આજે કેસ નોંધાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# જુના સચિવાલય સંકુલમાં જ ઉકરડા અસ્તિત્વમાં આવ્યા



ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર હરિયાળીની દ્રષ્ટીએ છેલ્લા બે દાયકાથી હાંસિયામાં ધકેલાઈ ગયુ છે. નગરને સ્માર્ટ બનાવાની સોહામણી વાતો વચ્ચે હરિયાળીનો રોજબરોજ સોથ વળી રહ્યો છે. જયારે સ્વચ્છ ભારતના અભિયાન વચ્ચે નગરને સ્વચ્છ અને સુંદર બનાવાનુ અભિયાન પણ માત્ર ફોટોજનિક ફંકશન બનીને રહી ગયુ છે. શહેરના સેકટરોમાં ઠેર ઠેર ગંદકીના ઢગ ખડકાયા છે. એકબાજુ સેકટરોમાં ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવાની યોજના પણ અસરકારક રહી નથી જેના લીધે સેકટરવાસીઓમાં રોષ પ્રવર્તયો છે. શેરી સફાઈના નામે પણ મીંડુ છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ આકરો વેરો વસુલી સેકટરોની સફાઈ કરવામાં પણ તંત્ર નિષ્ફળ નિવડયુ છે. ત્યારે સ્માર્ટ બનવા તરફ આગળ વધતા નગરમાં ઠેર ઠેર ગંદકીના બિહામણા દ્રશ્યો જોવા મળે છે. સમગ્ર રાજયનો વહીવટી દોરી સંચાર થાય છે તેવા સચિવાલય સંકુલમાં પણ ઉકરડા અસ્તિત્વમાં આવ્યા છે. સચિવાલયમાં ગંદકીના ઢગ ખડકાયા છે. આ એ જ જગ્યા છે જયાંથી રાજયના ખુંણે ખુંણે સ્વચ્છતાના મામલે આદેશ અને ઉપદેશ આપવામાં આવે છે. સચિવાલય સંકુલમાં પણ ગંદકીનુ સામ્રાજય છે. આ દ્રશ્ય જોઈને તે વાત તો ચોક્કસ નક્કી થઈ જાય છે કે સચિવાલય સંકુલમાં જ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# રવિ સીઝનની વાવણી જિલ્લામાં વેગીલી બની

**ઘઉં, રાઈ, બટાટા, શાકભાજીના પાકોનું વાવેતર સારૂ નોંધાયુ : ચણા તેમજ કઠોળ પાકોનું વાવેતર આગામી દિવસોમાં વધે તેવા સંકેતો**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં બેવડી ઋતુની સીઝન વચ્ચે રાત્રિના સમયે પ્રવર્તતી ઠંડીને પગલે રવિ સીઝનના વાવેતરમાં વેગ આવ્યો છે.

ડિસેમ્બર મહિનામાં ઠંડીનું જોર વધશે તેવી હવામાનશાસ્ત્રીઓની આગાહીને પગલે ખેડૂતોમાં રવિ સીઝનના વાવેતરનો ઉત્સાહ બેવડાયો છે. હાલ પણ રાત્રિનું તાપમાન ૧૬ થી ૧૭ ડિગ્રીની આસપાસ નોંધાતુ રહ્યુ છે.

જિલ્લામાં આજ સુધીમાં ૭૨૯૦ હેક્ટરમાં રવિ સીઝનનું વાવેતર થઈ ચુક્યુ છે. આ વખતે જિલ્લામાં રાઈનું વાવેતર તેમજ શાકભાજીના પાકોનું વાવેતર સારૂ એવુ થશે તેમ ખેડૂતો માની રહ્યા છે. આ ઉપરાંત ચણાનું વાવેતર કઠોળ પાકોનું વાવેતર પણ વધશે.

જિલ્લામાં રવિસીઝનનું સૌથી વધુ વાવેતર માણસા અને ગાંધીનગર તાલુકામાં નોંધાયુ છે જ્યારે સૌથી ઓછુ વાવેતર કલોલ તાલુકામાં નોંધાયુ છે. જિલ્લામાં માણસા તાલુકામાં ૨૯૭૭ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૨૮૩૬ હેક્ટરમાં, દહેગામમાં ૮૫૦ હેક્ટરમાં તેમજ કલોલમાં ૬૫૦ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં મુખ્ય પાક ગણાતા ઘઉંનું વાવેતર ૧૦૨૯ હેક્ટરમાં, બટાટાનું વાવેતર ૧૭૩૧ હેક્ટરમાં, રાઈનું વાવેતર ૧૦૦૦ હેક્ટરમાં, ચણાનું વાવેતર ૧૨૫ હેક્ટરમાં, તમાકુનુ વાવેતર ૩૮ હેક્ટરમાં, શાકભાજીના પાકોનું વાવેતર ૮૩૭ હેક્ટરમાં તો ઘાસચારાનું વાવેતર ૨૫૩૨ હેક્ટરમાં નોંધાયુ છે.

માણસામાં ઘઉંનું વાવેતર ૪૦૦ હેક્ટરમાં, ચણાનું વાવેતર ૭૮ હેક્ટરમાં, રાઈનું વાવેતર ૪૪૩ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૪૦૨ હેક્ટરમાં, બટાટાનું વાવેતર ૨૪૦ હેક્ટરમાં અને ઘાસચારાનું વાવેતર ૧૪૧૩ હેક્ટરમાં નોંધાયુ છે.

ગાંધીનગર તાલુકામાં ઘઉંનું વાવેતર ૨૬૮ હેક્ટરમાં, ચણાનું વાવેતર ૩૭ હેક્ટરમાં, રાઈનું વાવેતર ૩૨૨ હેક્ટરમાં, તમાકુનું વાવેતર ૧૧ હેક્ટરમાં, બટાટાનું વાવેતર ૧૧૮૮ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૩૦૩ હેક્ટરમાં, ઘાસચારાનું વાવેતર ૭૦૦ હેક્ટરમાં નોંધાયુ છે. જિલ્લામાં ગાંધીનગર તાલુકામાં અને દહેગામ તેમજ માણસામાં બટેટાનું વાવેતર વધુ થતુ હોય છે.

રવિ સીઝનનું સરેરાશ વાવેતર ૭૦ હજાર હેક્ટરમાં થતુ હોય છે. હાલ વાવેતરની સીઝન ચાલી રહી છે જેમ જેમ ડિસેમ્બર નજીક આવશે તેમ વાવેતરમાં ગતિ આવશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં આ વખતે ગાંધીનગર અને માણસા તાલુકામાં વરસાદની ઘટ રહી હતી પણ આ બન્ને તાલુકાના ખેડૂતો વધુ પ્રયોગશીલ હોઈ આ બે તાલુકામાં ચણા તેમજ અન્ય પાકોનું વાવેતર વધશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

# હરહર મહાદેવના જયઘોષથી સ્નેહ મિલનમાં ભુદેવોનુ ભવ્ય એકતા પ્રદર્શન








ગાંધીનગરમાં સે-૧૬ સ્થિત બ્રહ્મભવનના સંકુલમાં નવા વર્ષને અનુલક્ષી બ્રહ્મસમાજનો સ્નેહ મિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. હર .. હર મહાદેવ... બ્રાહ્મણ સૌ એક ... ના જયઘોષથી નગર ગુંજી ઉઠયુ હતુ. વિશાળ સંખ્યામાં એકત્રિત થયેલા બ્રાહ્મણોએ એક મેકનો હાથ પકડવાના સંકલ્પ સાથે અનોખી એકતા મહેંકાવી હતી. વિધાનસભાની ચુંટણી પણ નજીકમાં છે ત્યારે બ્રહ્મબંધુઓ સમાજના તમામ ક્ષેત્રમાં સંગઠીત થઈને એક મેકને સાથ સહકાર આપે તેવો મક્કમ ઈરાદો પણ મંચસ્થ મહાનુભાવોએ વ્યકત કર્યો હતો. જયારે મંચની સામે મોટી સંખ્યામાં ઉપસ્થિત ભુદેવોએ આ વાતને ઝીલી લીધી હતી બ્રહ્મસમાજના આ સ્નેહ સંમેલનમાં ગાંધીનગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહાં, ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ, મુખ્ય સરકારી વકીલ હીતેશ રાવલ , ગાંધીનગર મહાનગર ભાજપના અધ્યક્ષ રૂચિર ભટ્ટ, પ્રદેશ કોંગ્રેસના સિનિયર નેતા નિશિત વ્યાસ ગાંધીનગર બ્રહ્મસમાજના પ્રમુખ નરેશ દવે સહીત મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમાજના પુર્વ પદાધિકારીઓ મહીલા પાંખના પ્રવિણાબેન વોરા હોદેદારો તેમજ સભ્યોની પણ



વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

આ તબક્કે બ્રહ્મ એકેડમીમાં અભ્યાસ કરીને સરકારના વિવિધ વિભાગમાં નોકરી હાંસલ કરનાર યુવક યુવતિઓનુ પણ સન્માન કરવામાં આવ્યુ હતુ ઉપસ્થિત મહાનુભાવોએ તેમને આર્શીવચન પાઠવ્યા હતા જયારે હાલ ચુંટણીના માહોલમા ગાંધીનગરમાં ૪ ટકા જેટલી બ્રાહ્મણોની વસતી નિર્ણાયક બનશે તેમ જણાંવતા બ્રાહ્મણોને પણ રાજકીય પક્ષો પ્રતિનિધિત્વ આપે તેવી લાગણી રજુ કરવામાં આવી હતી. બ્રાહ્મણ જીતી પણ શકે અને હરાવી પણ શકે તેવો આત્મવિશ્વાસ એક સુરમાં વ્યકત કર્યો હતો. ભાવિ સમયમાં બ્રહ્મ એકેડમી દ્વારા વધુ યુવાનો અફસર બને સચિવાલય સહીત સરકારી કચેરીઓમાં બ્રાહ્મણ અધિકારી કર્મચારીઓની નેમ પ્લેટ વધુ જોવા મળે તે દિશામાં એકેડમી વધુ પ્રયત્નશીલ રહેશે તેવો આશાવાદ પણ વ્યકત કરવામાં આવ્યો હતો. સ્નેહમિલના સમારોહની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

જયારે કાર્યક્રમ દરમિયાન સમાજના પુર્વ પ્રમુખ હસમુખભાઈ ઠાકરને હ્દયરોગનો હુમલો આવતા શોકની લાગણી વ્યાપી હતી. તેમનુ દુખદ અવસાન થયુ હતુ આ તબક્કે સાંસ્કૃતિક કાર્યક્રમ પુર્ણ થયેલો જાહેર કરી એક મિનિટના મૌન સાથે તેમનો શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન મહીલા અગ્રણી જયશ્રીબેન ખેતિયાએ કર્યુ હતુ.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com